# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૯/૦૭/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬૧ કેસ કરી, ૧૫૬ વ્યક્તિઓને ઝડપી, ૬૪૩ લીટર દેશી દારૂ, ૧૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૪૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૯૮,૯૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૯૯૨/૨૦૨૫**

**નવરંગપુરાઃ–** સોનીયાબહેન ડો/ઓ હુમેશભાઈ ખન્ના (ઉ.વ.૪૮) (રહે. હિમાપાર્ક સોસાયટી ગોરના કુવા પાસે મણીનગર) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સોનીયાબહેને દિલ્હી ખાતેથી કસરતના સાધનોની ખરીદી કરવા સારૂ પેમેન્ટની રકમ આંગડીયુ કરવા માટે ઓનલાઇન સર્ચ કરતા જસ્ટ ડાયલમાંથી પી.આર.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીનો કોન્ટેક્ટ કરતા, આ પેઢીમાંથી મોબાઇલ નંબર (૧) ૦૮૧૦૧૩૭૮૪૨૯ ના ધારક આકાશભાઈ (૨) ૦૯૦૨૩૦૦૮૩૨૨ ના ધારક વિજયભાઈ તથા (૩) ૭૦૬૯૦૦૯૩૧૧ ના ધારકોએ ભેગામળી તા.૧૭/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોનીયાબહેન સાથે મોબાઈલથી વાત કરી, સોનીયાબહેનને વિશ્વાસમાં લઇ રૂપિયા ૯,૦૦,૦૦૦/– નવરંગપુરા સી.જી.રોડ સમૃધ્ધ કોમ્પલેક્ષ પહેલો માળ દુકાન નંબર યુ એલ–૧૫ ખાતે આવેલ “પી.આર.એન્ટરપ્રાઈઝ” આંગડીયા જમાં કરાવી દેતા, તે રૂપિયા દિલ્હી ખાતેની પેઢીમાંથી મેળવી લેવાનું જણાવતા, સોનીયાબહેને કસરતના સાધનો જેની પાસેથી ખરીદ કર્યા હતા તેમને કોન્ટેક્ટ કરી દિલ્હી ખાતે આવેલ પી.આર.એન્ટરપ્રાઈઝમાંથી રૂપિયા ૯,૦૦,૦૦૦/– મેળવી લેવાનુ કહેતા, દિલ્હી ખાતે હાજર નવનીતભાઇ શર્માએ તપાસ કરતા “પી.આર.એન્ટરપ્રાઈઝ” નામની કોઇ આંગડીયા પેઢી દિલ્હી ખાતેના આપેલ લોકેશન ખાતે જણાઇ આવેલ નહી. જેથી સોનીયાબહેન અમદાવાદ ખાતેની “પી.આર.એન્ટરપ્રાઈઝ” નામની આંગડીયા પેઢીમાં તપાસ કરતા ઓફીસમાં કોઇ વ્યક્તિ હાજર નહી મળી આવી તેમજ આપેલ તમામ મોબાઇલ નંબર પણ બંધ બતાવતા હોઇ તમામ અજાણ્યા ઇસમોએ ભેગામળી સોનીયાબહેન પાસેથી રૂપિયા ૯,૦૦,૦૦૦/– મેળવી લઈ દિલ્હી ખાતે રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઇ ગયાઃ–** **સમાચાર યાદી નં.૯૯૩/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** શીમબહેન વા/ઓ મહાવીરસિંહ રાજપુરોહીત (ઉ.વ.૩૨) (રહે. દેવનંદન એવન્યુ, શીમા હોલ પાસે સેટેલાઇટ) તા.૧૭/૦૭/૨૦૨૫ સવારના ૭/૩૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર રોડ વસુમા હીલ્સ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ શીમબહેન રાજપુરોહીતના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૪૨,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શીમબહેન રાજપુરોહીતએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

**વાડજઃ** અનામિકાબહેન વા/ઓ દેવેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે. સ્વાગત એપાર્ટમેન્ટ ભાવસાર સોસાયટી સામે નવા વાડજ) તા.૧૮/૦૭/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ મંગલદિપ સ્કુલથી આગળ ઉમિયાનગરના ગેટ નજીકથી આગળ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ અનામિકાબહેન પરમારના એક્ટીવા નજીક આવી "બહેન તમારી એક્ટીવામાં પંચર છે" તેમ કહી નજર ચુકવી અનામિકાબહેન પરમારના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અનામિકાબહેન પરમારએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૯૯૪/૨૦૨૫**

**સાબરમતીઃ** મીનાબહેન વા/ઓ હીરાભાઈ મકવાણા (ઉ.વ.૫૪) (રહે. ઈશ્વરકૃપા–૧ પરીમલ હોસ્પીટલની બાજુમાં મોટેરા ચાંદખેડા) એ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે મીનાબહેન મકવાણા નાઓ ચાંદખેડા મોટેરા આશ્રમ ચોકડીથી શટલ ઓટોરીક્ષામાં બેસી સાબરમતી ગાંધીવાસ નજીક રિક્ષામાંથી ઉતરેલ હતા. મુસાફરી દરમ્યાન રીક્ષામાં બેસેલ અન્ય બે પરૂષ તથા એક મહીલાએ મીનાબહેન મકવાણાની નજર ચુકવી કાનમા પહેરેલ સોનાની બુટ્ટીઓ તથા સોનાના ઝુમ્મર મળી કિમત રૂપિયા ૬૦,૦૦૦/– ચોરી કરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

**એલીસબ્રીજઃ** ધાર્મીક દિનેશભાઈ શાહ (ઉ.વ.૨૯) (રહે. તક્ષશીલા એલેગ્રા ફોર્ચ્યુન પાર્ક હોટલ નજીક મીઠાખળી) એ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૫ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે એલીસબ્રીજ જુના દાલીયા બીલ્ડીંગમાં "શાહ અમૃતલાલ દલસુખભાઈ" નામની કરીયાણાની દુકાન આગળ એક પુરૂષે ધાર્મિક શાહના માતાની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાની ચેઈન રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન. સુમરા ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૯૯૫/૨૦૨૫**

**વટવાઃ** વટવા મેથોડિસ્ટ ચર્ચ પાછળ ઘનરાજ હેપીટાટ ખાતે રહેતો અને વટવા પ્લેટીનીયમ એસ્ટેટ શેડ નંબર–૧૬૯ માં આવેલ વિજયા કોર્પોરેશન નામની દુકાનમા હેલ્પર તરીકે કામ કરતા ૧૭ વર્ષના સગીરને તા.૧૭/૦૭/૨૦૨૫ સાંજના ૮/૩૦ વાગ્યા પહેલા વિજયા કોર્પોરેશન નામની દુકાનમા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજદિપસિંહ તખતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં.૯૯૬/૨૦૨૫**

**વટવાઃ** જયદીપ સ/ઓ નટવરસિંહ જાતે રાજપુત (ઉ.વ.૨૧) (રહે. ઘર વિહોણા પ્લોટ કેડીલાબ્રીજ પાછળ જગદીશ સોસાયટી બસ સ્ટોપ ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પુનીતનગર રેલવે ફાટક પાસે થાભલા નંબર–૪૮૯/૧૦ નજીક ટ્રેઈન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજદિપસિંહ તખતસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી